# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-10-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **રીટા દવે** વાંચે છે.

**************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, વૈશ્વિક અસ્થિરતાના સમયમાં, ભારત અને યુકેની ભાગીદારી આર્થિક પ્રગતિનો એક મહત્વપૂર્ણ સ્તંભ
2. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજથી ત્રણ દિવસ ગુજરાતના પ્રવાસે,, સોમનાથમાં પૂજા અર્ચના કરી ગીર અભયારણ્ય નિહાળશે
3. ગુજરાતના મહેસાણા ખાતે વાઇબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદનો કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવની ઉપસ્થિતિમાં આરંભ કરાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ
4. દેશના મુખ્ય ન્યાયમૂર્તિ બી. આર. ગવઇ અંગે વાંધાજનક સોશિયલ મીડિયા પોસ્ટ કરનારા સામે પંજાબમાં સખ્યાબંધ લોકો સામે ફરિયાદ
5. મહિલા વિશ્વકપ ક્રિકેટમાં આજે ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે મૂકાબલો

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PM UK

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે મુંબઈમાં તેમના બ્રિટિશ સમકક્ષ કીર સ્ટાર્મર સાથે વાટાઘાટો કરી. આ બેઠકમાં વેપાર, સંરક્ષણ અને સુરક્ષા અને ટેકનોલોજીના ક્ષેત્રોમાં ભારત-યુકે સંબંધોને મજબૂત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરાયું. બ્રિટિશ પ્રધાનમંત્રી સ્ટાર્મર સાથેની સંયુક્ત પત્રકાર પરિષદ દરમિયાન શ્રી મોદીએ કહ્યું, આજે સંરક્ષણ અને સુરક્ષાથી લઈને શિક્ષણ અને નવીનતા સુધી, ભારત-યુકે સંબંધો નવા આયામ લઈ રહ્યા છે.

(બાઇટ : **PM--NDO-UK—GLOBAL)**

તેમણે કહ્યું નવ બ્રિટિશ વિશ્વવિદ્યાલય હવે ભારતમાં તેમના પરિસર ખોલશે. તેમણે ઉમેર્યું, મહત્વપૂર્ણ ખનિજો પર સહયોગ કરવા માટે એક ઉદ્યોગ મહાજન અને સપ્લાય ચેઇન વેધશાળા સ્થાપિત કરવાનું નક્કી કરાયું છે.

(બાઇટ : **PM-CRITICAL-MINIRALS)**

તેમણે જણાવ્યું, વૈશ્વિક અસ્થિરતાના સમયમાં, ભારત અને યુકેની ભાગીદારી વૈશ્વિક સ્થિરતા અને આર્થિક પ્રગતિનો એક મહત્વપૂર્ણ સ્તંભ બની રહી છે.

દિવસના અંતે, બંને નેતાઓ સીઈઓ ફોરમમાં હાજરી આપશે અને ભારત-યુકે વ્યાપક આર્થિક અને વેપાર કરાર દ્વારા રજૂ કરાયેલી તકો પર

વ્યવસાયો અને ઉદ્યોગના નેતાઓ સાથે વાતચીત કરશે. પીએમ મોદી અને પ્રધાનમંત્રી સ્ટાર્મર મુંબઈમાં ગ્લોબલ ફિનટેક ફેસ્ટના 6ઠ્ઠા સંસ્કરણમાં પણ ભાગ લેશે અને આજે મુખ્ય ભાષણ આપશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## PREZ GUJARAT VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજથી 11 ઓક્ટોબર સુધી ગુજરાતના ત્રણ દિવસના પ્રવાસે આવશે. તેઓ સોમનાથ, દ્વારકા સહિતના મંદિરો પૂજા અર્ચના કરશે.

સાંભળીએ એક અહેવાલ

## (વોઈસ કાસ્ટ – મયુર સોલંકી)

*રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે સાંજે રાજકોટ પહોંચશે. આવતીકાલે તેઓ સોમનાથ મંદિરે દર્શન અને પૂજા કરશે. તે જ દિવસે તેઓ ગીર રાષ્ટ્રીય ઉદ્યાનની પણ મુલાકાત લેશે અને સાસણ ગીરમાં સ્થાનિક આદિવાસી સમુદાયના લોકો સાથે વાતચીત કરશે.*

*11 ઓક્ટોબરના રોજ, રાષ્ટ્રપતિ દ્વારકાધીશ મંદિરમાં દર્શન અને આરતી કરશે. તેઓ અમદાવાદમાં ગૂજરાત વિદ્યાપીઠના 71મા પદવીદાન સમારોહમાં ઉપસ્થિત રહેશે.*

**મયુર સોલંકી, આકાશવાણી સમાચાર, અમદાવાદ**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## HM-J&K

**કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે જમ્મુ અને કાશ્મીરમાં સુરક્ષા પરિસ્થિતિની સમીક્ષા કરવા માટે યોજનાર બેઠકની અધ્યક્ષતા કરશે.**

**આ સમીક્ષા બેઠક નવી દિલ્હીમાં યોજાશે. તેમાં જમ્મુ અને કાશ્મીરના ઉપરાજ્યપાલ, ગૃહ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ, કેન્દ્રીય સંસ્થાઓ અને જમ્મુ અને કાશ્મીર સરકારના પ્રતિનિધિ હાજર રહેશે.**

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## GUJARAT REGIONAL VIBRANT CONF

ગુજરાત વાઇબ્રન્ટ રિજીઓનલ કોન્ફરન્સનો આજથી પ્રારંભ થયો છે. ગુજરાતના મહેસાણા ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ કોન્ફરન્સનો આરંભ કરાવ્યો હતો.. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવની ઉપસ્થિતિમાં યોજાયેલી આ ત્રણ દિવસની કોન્ફરન્સમાં બોલતા કેન્દ્રીય મંત્રીએ કહ્યું હતું કે વાઇબ્રન્ટ ગુજરાત સમિટે ગુજરાતના સર્વાંગી વિકાસનો વિશ્વભરમાં ડંકો

વગાડ્યો છે. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતના વિકાસનો ચિતાર આપતા કહ્યું હતું કે આ વાઇબ્રન્ટ રિજીયોનલ કોન્ફ્રન્સને કારણે ઉત્તર ગુજરાતનો વિકાસ થશે અને ઉદ્યોગોને બળ મળશે...

(બાઇટ- ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

અગાઉ તેમણે એક વિશાળ પ્રદર્શનનુ પણ ઉદઘાટન કર્યું હતુ જેમાં ગુજરાતના ઔદ્યોગિક વિકાસને ઉજાગર કરતાં સ્ટોલ પ્રદર્શિત કરાયા છે..

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

. . . . . . . . . . . . .

# PM US PEACE PLAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઇઝરાયલ અને હમાસ વચ્ચે હસ્તાક્ષર કરાયેલા અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની શાંતિ યોજનાના પ્રથમ તબક્કાના કરારનું સ્વાગત કર્યું છે.

સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ આશા વ્યક્ત કરી કે બંધકોની મુક્તિ અને ગાઝાના લોકોને માનવતાવાદી સહાય વધારવાથી તેમને રાહત મળશે અને કાયમી શાંતિનો માર્ગ મોકળો થશે. તેમણે ઉમેર્યું કે આ ઇઝરાયલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂના મજબૂત નેતૃત્વનું પણ પ્રતિબિંબ છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# GST REFORMS- TAMILNADU

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા જાહેર કરાયેલ અને 22 સપ્ટેમ્બરથી શરૂ થયેલ **GST** બચત ઉત્સવ સમાજના તમામ વર્ગોને લાભ આપી રહ્યો છે.

આજે તમિલનાડુના અર્થતંત્રને વેગ આપનારા **GST** સુધારાઓ પર સાંભળીએ અમારા સંવાદદાતાનો અહેવાલ..

# વોઇસ કાસ્ટ : GST-SHIVANG-MISRA

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## GRANTS-PANCHAYATI RAJ

કેન્દ્ર સરકારે આંધ્રપ્રદેશમાં ગ્રામીણ સ્થાનિક સંસ્થાઓને નાણાકીય વર્ષ 2025-26 માટે પંદરમા નાણા પંચના અનુદાન જારી કર્યા છે.

પંચાયતી રાજ મંત્રાલયે આજે માહિતી આપી હતી કે 400 કરોડ રૂપિયાથી વધુ રકમના અનટાઈડ ગ્રાન્ટનો પ્રથમ હપ્તો વિતરિત કરવામાં આવ્યો છે.

મંત્રાલયે ઉમેર્યું હતું કે આ ભંડોળ રાજ્યની તમામ 13 જિલ્લા પંચાયતો, 650 પાત્ર બ્લોક પંચાયતો અને 13 હજારથી વધુ પાત્ર ગ્રામ પંચાયતોને લાભ અપાશે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## PUNJAB-CJI-FIRs

પંજાબમાં, રાજ્ય પોલીસે સોશિયલ મીડિયા પર ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) ભૂષણ રામકૃષ્ણ ગવઈ વિરુદ્ધ વાંધાજનક અને

ગેરકાયદેસર પોસ્ટ કરવા બદલ ઘણા લોકો સામે અનેક પ્રાથમિક માહિતી અહેવાલો (FIR) નોંધ્યા છે.

CJI ને લક્ષ્ય બનાવતા સોથી વધુ સોશિયલ મીડિયા હેન્ડલ પર પોસ્ટ કરાયેલી પોસ્ટ્સ અને વીડિયો અંગે અસંખ્ય ફરિયાદો મળ્યા બાદ ગઈકાલે આ FIR નોંધવામાં આવી હતી.

પંજાબ પોલીસના સૂત્રોને ટાંકીને, અમારા જલંધર સંવાદદાતા અહેવાલ આપે છે કે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, 1989 ની બિન-જામીનપાત્ર કલમો અને ભારતીય ન્યાય સંહિતાના વિવિધ અન્ય કલમો હેઠળ કાયદા અનુસાર FIR નોંધવામાં આવી છે.

પોસ્ટ કરાયેલ સામગ્રી ઉચ્ચ બંધારણીય સત્તા પર હુમલો, જાતિ આધારિત બદનામ અને ઉશ્કેરણી, જાતિ અને સાંપ્રદાયિક લાગણીઓનો અન્યાયી રીતે શોષણ કરીને શાંતિ અને જાહેર વ્યવસ્થાને ખલેલ પહોંચાડવાના સીધા પ્રયાસ સાથે સંબંધિત છે. વધુ તપાસ થઇ રહી છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

**RBI VERIFIED WHATSAPP**

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ **RBI** કહે છે પહેલ હેઠળ પ્રિન્ટ, ટેલિવિઝન, રેડિયો, ડિજિટલ પ્લેટફોર્મ અને ટેક્સ્ટ સંદેશાઓ જેવા વિવિધ માધ્યમો દ્વારા જનજાગૃતિ ઝુંબેશ ચલાવી છે.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ એપ્રિલ **2025** માં જાહેર જાગૃતિ સંદેશાઓ અને મહત્વપૂર્ણ અપડેટ્સનો પ્રસાર કરવા માટે તેની **WhatsApp** ચેનલ શરૂ કરી હતી. આ પહેલ દ્વારા, રિઝર્વ બેંકનો ઉદ્દેશ્ય મહત્વપૂર્ણ નાણાકીય માહિતીને સરળ, સીધી અને અસરકારક રીતે લોકો માટે વધુ સુલભ બનાવવાનો છે, જેનાથી નાણાકીય ઇકોસિસ્ટમમાં વિશ્વાસ અને સ્થિતિસ્થાપકતા મજબૂત થાય છે.

નાગરિકો હવે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા તરફથી વોટ્સએપ પર વેરિફાઇડ એકાઉન્ટ્સ દ્વારા સત્તાવાર અપડેટ્સ મેળવી શકે છે. વપરાશકર્તાઓને સલાહ આપવામાં આવે છે કે તેઓ ફક્ત બ્લુ ટિક વેરિફિકેશન માર્ક ધરાવતા સત્તાવાર રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા એકાઉન્ટ્સને અનુસરે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

## WOMEN'S WORLD CUP

ICC મહિલા એક દિવસીય ક્રિકેટ વિશ્વ કપમાં, આજે, ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે બપોરે 3 વાગ્યે વિશાખાપટ્ટનમમાં મેચ રમાશે. દરમિયાન ગઈકાલે ઓસ્ટ્રેલિયાએ પાકિસ્તાનને 107 રનથી હરાવ્યું.

ઓસ્ટ્રેલિયાએ આપેલા 222 રનના લક્ષ્યાંક સામે પાકિસ્તાને 36.3 ઓવરમાં 114 રન બનાવ્યા. અગાઉ ઓસ્ટ્રેલિયાએ નિર્ધારિત 50 ઓવરમાં 9 વિકેટ ગુમાવીને 221 રન બનાવ્યા. બેથ મૂનીને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવી.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . .